Seat No. : _______________

# AB-105

**April-2023**

**M.Com., Sem.-IV**

**508 : Taxation – II**
**(Corporate Tax Planning and GST)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) કંપનીના કર આયોજનને અસર કરતા પરિબળો સમજાવો. **7**

   (B) એક કંપનીનો ચોખ્ખો નફો રૂપિયા 1 કરોડ છે. જો નફામાં રૂપિયા 2 લાખનો વધારો થાય અને કુલ નફો રૂપિયા 1 કરોડ 2 લાખ થાય તો બંને સંજોગોમાં આવકવેરાની ગણતરી કરો અને કંપનીને સીમાંત રાહતનો લાભ મળશે કે નહીં તે કારણ સહિત જણાવો.

   કરવેરાનો દર નીચે મુજબ છે :

   રૂપિયા 1 કરોડના નફા પર આવકવેરો 30% અને આરોગ્ય અને શિક્ષણ ઉપકર 4% લાગુ પડે છે. રૂપિયા 1 કરોડથી નફો વધે તો નફા પર આવકવેરો 30%, સરચાર્જ 7% અને આરોગ્ય અને શિક્ષણ ઉપકર 4% લાગુ પડે છે. **7**

**અથવા**

એક કંપની વિસ્તરણ યોજના હેઠળ રૂપિયા 20 કરોડનું રોકાણ કરવા માંગે છે. રોકાયેલ મૂડી પર વ્યાજ અને કરવેરા પહેલા અપેક્ષિત વળતરનો દર 18% છે. ભંડોળની પ્રાપ્તિના વિકલ્પો નીચે મુજબ છે : **14**

(A) સંપૂર્ણ ભંડોળ ઈક્વિટી શેરમૂડી દ્વારા

(B) 40% રકમ 10% વાર્ષિક વ્યાજ ધરાવતા ડિબેન્ચર દ્વારા અને બાકીની રકમ ઈક્વિટી શેરમૂડી દ્વારા

(C) 60% રકમ 10% વાર્ષિક વ્યાજ ધરાવતા ડિબેન્ચર દ્વારા અને બાકીની રકમ ઈક્વિટી શેરમૂડી દ્વારા

કંપની પરના આવકવેરાનો દર 33.38% હોય તો નીચેના સંજોગોમાં નાણાકીય સંચાલક દ્વારા કયો ભંડોળ પ્રાપ્તિનો વિકલ્પ પસંદ કરવો જોઈએ ?

   (1) આવકવેરાની જવાબદારીની દૃષ્ટિએ

   (2) કુલ રોકાણ પર વળતરની દૃષ્ટિએ

   (3) ઈક્વિટી શેરમૂડી પર વળતરની દૃષ્ટિએ

2. (A) વસ્તુઓ અને સેવા કરના કાયદાની વિશિષ્ટ લાક્ષણિકતાઓ સમજાવો. **7**

   (B) વસ્તુઓ અને સેવા કરના ફાયદાઓ સમજાવો. **7**

**અથવા**

(A) વસ્તુઓ અને સેવા કરના કાયદા હેઠળ "કુલ વેચાણ" અને "ધંધો" સમજાવો. **7**

(B) વસ્તુઓ અને સેવા કરના કાયદા હેઠળ "આકારણી", "મૂડી વસ્તુ" અને "ઇલેક્ટ્રોનિક કેશ લેજર" સમજાવો. **7**

3. (A) વસ્તુઓ અને સેવા કર પરિષદ પર ટૂંકનોંધ લખો. **7**

(B) વસ્તુઓ અને સેવા કર અને કેન્દ્ર – રાજ્ય નાણાકીય સંબંધોની ચર્ચા કરો. **7**

**અથવા**

(A) વસ્તુઓ અને સેવા કરના કાયદા હેઠળ કરમુક્તિની ચર્ચા કરો. **7**

(B) કેન્દ્રીય વસ્તુઓ અને સેવા કરના કાયદા 2017 અને સંકલિત વસ્તુઓ અને સેવા કરના કાયદા 2017ની ચર્ચા કરો. **7**

4. (A) ટૂંકનોંધ લખો : નિવિષ્ટ વેરા પરત જમા (Input Tax Credit) **7**

(B) વસ્તુઓ અને સેવા કરના કાયદા હેઠળ "પૂર્તિ સમય" સમજાવો. **7**

**અથવા**

(A) નીચેના સંજોગોમાં પૂર્તિનું મૂલ્ય નક્કી કરો અને વસ્તુ અને સેવા કરની ગણતરી દર્શાવો. **7**

(i) કરણ વડોદરા (ગુજરાત)માં ફર્નિચરના ડીલર છે. તેઓ સુરત (ગુજરાત) ના ગ્રાહકને રૂપિયા ₹ 2,00,000ના માલની પૂર્તિ કરે છે.

(ii) કરણ વડોદરા (ગુજરાત)માં ફર્નિચરના ડીલર છે. તેઓ દિલ્હીના ગ્રાહકને ₹ 3,00,000ના માલની પૂર્તિ કરે છે.

(B) વસ્તુઓ અને સેવા કરના કાયદા હેઠળ "પૂર્તિ સ્થળ" સમજાવો. **7**

5. યોગ્ય વિકલ્પ પસંદ કરો : (કોઈપણ **સાત**) **14**

(1) રેવા લિમિટેડ ભારતીય કંપની છે. ધંધો અમદાવાદ અને લંડન ખાતે કરવામાં આવે છે. રેવા લિમિટેડની સંપૂર્ણ કામગીરી અને સંચાલન ભારત બહાર થાય છે. કંપનીની 80% કમાણી લંડનના ધંધામાંથી ઉદ્‌ભવે છે. કંપનીનો રહેઠાણનો દરજ્જો કયો હશે ?

(A) ભારતમાં બિન રહીશ (B) ભારતમાં રહીશ

(C) ભારતમાં અંશતઃ રહીશ (D) વિદેશી કંપની

(2) _______ કંપની એ જાહેર પ્રજાનું વિસ્તૃત હિત ધરાવતી કંપની છે.

(A) સરકારની માલિકીની કંપની

(B) ભારતીય કંપની ધારા 2013ની કલમ 8 પ્રમાણે નોંધાયેલ કંપની

(C) કેન્દ્ર સરકારે જાહેર કરેલ નિધિ અથવા પારસ્પરિક હિત અંગેની મંડળી

(D) આ બધા જ

(3) અમદાવાદના શ્રી અંકુર દ્વારા મુંબઈના મનોજને વસ્તુઓ પૂરી પાડવામાં આવી છે. પરંતુ વસ્તુઓની ફેરબદલી (સોંપણી) પહેલાં મનોજ દ્વારા શ્રી અંકુરને સૂચના આપવામાં આવી કે આ વસ્તુઓ તેના વતી જયપુરના જયેશને પૂરી પાડવામાં આવે. પૂર્તિનું સ્થળ ________ ગણાશે.

(A) અમદાવાદ (B) મુંબઈ

(C) જયપુર (D) આ બધા જ

(4) માનવ દ્વારા કેયૂરને માલ મોકલવામાં આવે છે, જ્યાં વસ્તુઓ અને સેવા કર વળતાં ચાર્જ વ્યવસ્થા હેઠળ ચૂકવવાપાત્ર છે. સંબધિત તારીખો પરથી પૂર્તિનો સમય નક્કી કરો :

માલ મળ્યા તારીખ : 20-2-2022

કેયૂર દ્વારા ચુકવણી : 13-2-2022

કેયૂરના ચોપડે નોંધાયેલ ચુકવણી : 15-2-2022

કેયૂરના બેન્ક ખાતામાં ઉધારાયેલ ચુકવણી : 16-2-2022

માનવના ભરતીયાની તારીખ : 5-1-2022

(A) 20-2-2022 (B) 5-2-2022

(C) 13-2-2022 (D) 16-2-2022

(5) ______ સંજોગોમાં જ્યારે કંપનીના મૂડી માળખામાં નાણાકીય લિવરેજનો ઉપયોગ કરવામાં આવે ત્યારે ઇક્વિટી શેરમૂડી પર વળતરમાં ઘટાડો થાય છે.

(A) જ્યારે રોકાણ પર વળતરનો દર, લાંબાગાળાના દેવા પર વ્યાજના દર કરતાં વધારે હોય

(B) જ્યારે રોકાણ પર વળતરનો દર, લાંબાગાળાના દેવા પર વ્યાજના દર કરતાં ઓછો હોય

(C) જ્યારે રોકાણ પર વળતરનો દર, લાંબાગાળાના દેવા પર વ્યાજના દર જેટલો જ હોય

(D) આમાંથી કોઈ નહીં

(6) વસ્તુઓ અને સેવા કર _____ આધારિત કર છે.

(A) ઉત્પાદન (B) વપરાશ

(C) પૂર્તિ (D) આ બધા જ

(7) વિદેશી કંપની જેની આવક ભારતીય આવકવેરાના કાયદા હેઠળ ભારતમાં કર ભરવા માટે જવાબદાર છે, તે કંપનીએ જો ભારતમાં ડિવિડન્ડ ચૂકવવા માટે નિર્ધારિત વ્યવસ્થા કરેલ હોય તો તેવી કંપની ______ કંપની કહેવાય.

(A) ભારતીય (B) સ્વદેશી

(C) વિદેશી (D) આ બધા જ

(8) _______ મૂલ્ય એટલે વસ્તુ અને/અથવા સેવાની પૂર્તિ માટે જે કિંમત ખરેખર ચૂકવેલ હોય કે ચૂકવવાપાત્ર હોય.

(A) પૂર્તિ
(B) વ્યવહાર
(C) વપરાશ
(D) ઉત્પાદન

(9) આયાત પર _______ વસ્તુઓ અને સેવા કર લાગુ પડે છે.

(A) કેન્દ્રીય
(B) સંકલિત
(C) રાજ્ય
(D) આ બધા જ

(10) જાવક પૂર્તિ પર સંકલિત વસ્તુઓ અને સેવા કરની જમા રકમ હોય ત્યારે તેના ઉપયોગનો ______ ક્રમ સાચો છે.

(A) (i) સંકલિત વસ્તુઓ અને સેવા કર (IGST) (ii) રાજ્ય અને યુનિયન ટેરિટરી વસ્તુઓ અને સેવા કર (SGST and UTGST) (iii) કેન્દ્રીય વસ્તુઓ અને સેવા કર (CGST) ની ચુકવણી સામે ઉપયોગમાં લેવાય.

(B) (i) સંકલિત વસ્તુઓ અને સેવા કર (IGST) (ii) કેન્દ્રીય વસ્તુઓ અને સેવા કર (CGST) (iii) રાજ્ય અને યુનિયન ટેરિટરી વસ્તુઓ અને સેવા કર (SGST and UTGST) ની ચુકવણી સામે ઉપયોગમાં લેવાય.

(C) (i) કેન્દ્રીય વસ્તુઓ અને સેવા કર (CGST) (ii) સંકલિત વસ્તુઓ અને સેવા કર (IGST) (iii) રાજ્ય અને યુનિયન ટેરિટરી વસ્તુઓ અને સેવા કર (SGST and UTGST) ની ચુકવણી સામે ઉપયોગમાં લેવાય.

(D) (i) રાજ્ય અને યુનિયન ટેરિટરી વસ્તુઓ અને સેવા કર (SGST and UTGST) (ii) સંકલિત વસ્તુઓ અને સેવા કર (IGST) (iii) કેન્દ્રીય વસ્તુઓ અને સેવા કર (CGST) ની ચુકવણી સામે ઉપયોગમાં લેવાય.

(11) વસ્તુઓ અને સેવા કર એ ______ છે.

(A) પ્રત્યક્ષ કર
(B) પરોક્ષ કર
(C) પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર બંને
(D) ઉપકર

(12) ______ પર વસ્તુઓ અને સેવા કર લાગુ પડતો નથી.

(A) ઈલેક્ટ્રોનિક વસ્તુઓ
(B) પેટ્રોલ
(C) ફર્નિચર
(D) સમારકામની સેવા

---

Seat No. : _______________

# AB-105

**April-2023**

## M.Com., Sem.-IV

## 508 : Taxation – II
## (Corporate Tax Planning and GST)

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) Explain factors affecting Tax Planning of a Company. **7**

(B) Net profit of a company is rupees 1 crore. If the profit is increased by Rupees 2 lakhs and total profit amounts to Rupees 1 crore 2 lakhs, calculate income tax liability in both cases and state with reason whether the company is entitled to receive marginal relief or not.

Rate of taxes are as under :

30% income tax and health and education cess 4% on profit of Rupees 1 crore

30% income tax, surcharge 7% and health and education cess 4% on profit more than Rupees 1 crore **7**

**OR**

A company wants to invest Rupees 20 crores for an expansion plan. Expected rate of return before Interest and Tax on investment is 18%. Following options are available for sources of funds : **14**

(A) All funds through equity share capital.

(B) 40% by issue of Debentures bearing interest at 10% and balance through Equity Share capital.

(C) 60% by issue of Debentures bearing interest at 10% and balance through Equity Share capital.

If rate of Corporate Income Tax is 33.38%, which option of sources of funds should the financial manager should opt in following cases ?

(1) From the view point of Income Tax liability.

(2) From the view point of Return on total investments.

(3) From the view point of Return on Equity Share Capital.

2. (A) Explain salient features of Goods and Service Tax Act. **7**

(B) Explain benefits of Goods and Service Tax. **7**

**OR**

(A) Explain "Aggregate Turnover" and "Business" under Goods and Service Tax Act. **7**

(B) Explain "Assessment", "Capital Goods" and "Electronic Cash Ledger" under Goods and Service Tax Act. **7**

3. (A) Write short note on : GST Council. **7**

(B) Discuss GST and Centre – State financial relations. **7**

**OR**

(A) Discuss tax exemptions under Goods and Service Tax Act. **7**

(B) Discuss The Central Goods and Services Tax Act, 2017 and The Integrated Goods and Services Tax Act, 2017. **7**

4. (A) Write short note on : Input Tax Credit. **7**

(B) Explain "Time of Supply" under Goods and Service Tax Act. **7**

**OR**

(A) Calculate value of Supply and amount of GST in following situations : **7**

(i) Karan is a dealer in furniture in Vadodara (Gujarat). He supplied goods of ₹ 2,00,000 to a customer at Surat (Gujarat).

(ii) Karan is a dealer in furniture in Vadodara (Gujarat). He supplied goods of ₹ 3,00,000 to a customer at Delhi.

(B) Explain "Place of Supply" under Goods and Service Tax Act. **7**

5. Select correct alternative : (any **seven**) **14**

(1) Reva Limited is an Indian company. Business is done in Ahmedabad and London. The entire control and management of Reva Limited is situated outside India. 80% of the total income of the company is from the business of London. What will be the residential status of the company ?

(A) Non-resident in India (B) Resident in India

(C) Partial Resident in India (D) Foreign Company

(2) ________ company is a company in which the public is substantially interested.

(A) A Company owned by the Government

(B) A Company registered under Section 8 of Indian Companies Act, 2013

(C) Declared by the Central Government to be a Nidhi or Mutual Benefit Society.

(D) All of these

(3) Mr. Ankur of Ahmedabad supplied goods to Mr. Manoj of Mumbai. But before the transfer (delivery) of goods, Mr. Manoj instructed the supplier Mr. Ankur to deliver the goods to Mr. Jayesh of Jaipur. The place of supply will be considered as _____.

(A) Ahmedabad (B) Mumbai

(C) Jaipur (D) All of these

(4) Manav supplied goods to Keyur, which are liable to pay GST on reverse charge basis. Determine the time of Supply from the relevant dates :

Date of receipt of Goods : 20-2-2022

Payment made by Keyur : 13-2-2022

Payment recorded in the books of Keyur : 15-2-2022

Payment debited in the bank account of Keyur : 16-02-2022

Invoice date of Manav : 5-1-2022

(A) 20-2-2022 (B) 5-2-2022

(C) 13-2-2022 (D) 16-2-2022

(5) Under ______ situation, the return on equity share capital reduces when financial leverage is used in capital structure of a company.

(A) When the rate of return on investment is higher than the rate of interest on long term debt.

(B) When the rate of return on investment is less than the rate of interest on long term debt.

(C) When the rate of return on investment is equal to the rate of interest on long term debt.

(D) None of these

(6) GST is a _____ based tax.

(A) Production (B) Consumption

(C) Supply (D) All of these

(7) If a foreign company whose income is liable to tax in India as per Indian Income Tax Act and makes prescribed arrangements for payment of dividend in India is called as ______ company.

(A) An Indian (B) A Domestic

(C) A foreign (D) All of these

(8) _______ Value means the price actually paid or payable for the supply of goods and/or services.

(A) Supply (B) Transaction

(C) Consumption (D) Production

(9) _______ GST is applicable on Imports.

(A) CGST (B) IGST

(C) SGST (D) All of these

(10) The correct order of use of Credit amount of Output IGST is ______

(A) To set off the payment of (i) IGST (ii) SGST and UTGST (iii) CGST

(B) To set off the payment of (i) IGST (ii) CGST (iii) SGST and UTGST

(C) To set off the payment of (i) CGST (ii) IGST (iii) SGST and UTGST

(D) To set off the payment of (i) SGST and UTGST (ii) IGST (iii) CGST

(11) GST is ______

(A) Direct Tax (B) Indirect Tax

(C) Direct and Indirect Tax both (D) Cess

(12) GST is not applicable on ______

(A) Electronic goods (B) Petrol

(C) Furniture (D) Repair service

__________